તાત્કાલિક

ગુજરાત સરકારના કર્મચારીઓ / અધિકારીઓ માટે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫.

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પરિપત્ર ક્રમાંક- જીએમએ / ૨૦૧૬/૧૩/ ગ-૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : 01/03/2016

સંદર્ભ : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા. ૨૪/૦૮/૨૦૧૫ નો ઠરાવ

ક્રમાંક : એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/સ(પા.ફા.)

પરિપત્ર :

ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે તબીબી સારવારના ખર્ચ રીએમ્બેર્સમેન્ટ કરવા અંગેની ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮માં સુધારણા કરી તા. ૨૪/૦૮/૨૦૧૫ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો-૨૦૧૫ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવેલ છે.

૨. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના સર્વ મુખ્ય ઇજનેરશ્રીઓ / અધિક્ષક ઇજનેરશ્રીઓ / તથા તમામ ખાતાના વડાઓને જણાવવાનું કે, ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮માં સુધારો કરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા. ૨૪/૦૮/૨૦૧૫ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો-૨૦૧૫ પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય ઉકત ઠરાવની જોગવાઇઓ ધ્યાનમાં લઇ તબીબી સારવાર અંગેની કાર્યવાહી કરવાની રહેશે. પરંતુ, નવા નિયમો અમલમાં આવ્યાની તારીખ પહેલાંના જુના કેસોમાં ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮ હેઠળ કાર્યવાહી કરવાની રહેશે. તદુપરાંત, નવા નિયમ મુજબની પુરતી ચકાસણી કર્યા બાદ આપેલ ચેકલીસ્ટ ૧ અને ૨ પ્રમાણે દરખાસ્ત કરવા જણાવવામાં આવે છે.

૩. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા. ૨૪/૦૮/૨૦૧૫ના ઠરાવ તેમજ "મા અમૃતમ યોજના" માં સમાવિષ્ટ હોસ્પિટલોની યાદી તથા પેકેજ દર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વેબસાઇટ- **http://gujhealth.gov.in** તથા **http://www.magujarat.com** પર ઉપલબ્ધ છે.

૪. ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

વી.વી.સાણથરા
સેકશન અધિકારી
નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

બિડાણ: ચેકલીસ્ટ

નકલ જાણ તથા જરૂરી કર્યવાહી અર્થે રવાના :-

- માન.મંત્રીશ્રી. જળ સંપત્તિના અંગત સચિવશ્રી.સ્વર્ણિમ સંકુળ નં.૧, સચિવાલય. ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(જળ સંપત્તિ)ના અંગત સચિવશ્રી.સ્વર્ણિમ સંકુળ નં.૨, સચિવાલય. ગાંધીનગર.
- માન.સંસદીય સચિવશ્રી (જળ સંપત્તિ).બ્લોક નં.૨/૭. સચિવાલય. ગાંધીનગર.
- સર્વ મુખ્ય ઇજનેરશ્રીઓ. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ. ગાંધીનગર.
- સર્વ અધિક્ષક ઇજનેરશ્રીઓ. નર્મદા, જળસંપત્તિ. પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ. ગાંધીનગર.
- આસી.જનરલ મેનેજરશ્રી(વહીવટ). સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ. સચિવાલય. ગાંધીનગર.-જાણ તથા આ સુચના સંબંધિતને પરિપત્રિત કરવા વિનંતી સહ.
- આ વિભાગની સર્વ શાખાઓ.
- સિસ્ટમ એનાલિસ્ટ / એન.આઇ.સી. આ પરિ. વિભાગની વેબ સાઇટ પર મુકવા માટે

## ચેકલીસ્ટ-૧

### ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ના

### (નિયમ-૧૧(૧) મુજબ રૂ.૧,૦૦,૦૦૦/- થી વધુ અને રૂ.૨,૦૦,૦૦૦/- સુધીના રકમ માટે)

| | | |
|---|---|---|
| ૧ | નિયમ-૧(૨) હેઠળ તબીબી સારવારના નિયમો આ કિસ્સામાં લાગુ પડે છે કે કેમ? | |
| ૨ | નિયમ-૨(૨) અને નિયમ-૬ હેઠળ અરજદાર સરકારી કર્મચારી અથવા તેના કુટુંબના સભ્યો વ્યાખ્યામાં આવે છે કે કેમ? | |
| ૩ | નિયમ-૪ અને નિયમ-૮ હેઠળ રાજ્ય સરકાર ધ્વારા એમ્પેનલ કરવામાં આવેલ હોસ્પિટલમાં સારવાર લીધેલ છે કે કેમ?. | |
| ૪ | નિયમ-૫(૧) અને ૫(૨) હેઠળ નિયત પરિશિષ્ટમાં વિગતો ભરી સંસ્થાના અધિકૃત ચિકિત્સક તથા જિલ્લાના મુખ્ય જિલ્લા અધિકારી સહ સીવીલ સર્જન ધ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે નિયત કરેલ પેકેજની મર્યાદામાં રહીને દાવાની રકમ માટે પ્રતિસહી કરેલ છે કે કેમ? | |
| ૫ | નિયમ-૧૦(૫) હેઠળ કર્મચારીના મુખ્ય મથકે સરકાર ધ્વારા માન્ય હોસ્પિટલ ન હોય તો બીજી એવી હોસ્પિટલમાં સારવાર લેવા માટે અધિકૃત ચિકિત્સકની પુર્વ મંજુરી મેળવેલ છે કે કેમ? | |
| ૬ | નિયમ- ૧૨ હેઠળ રાજ્ય બહારની હોસ્પીટલમાં સારવાર લીધેલ છે કે કેમ? જો હા તો નિયમોની જોગવાઇ મુજબ કાર્યવાહી કરેલ છે ? | |
| ૭ | નિયમ-૧૫(૧) હેઠળની જોગવાઇને અનુરૂપ જ અનુસિચિ-૧- પરિશિષ્ટ-૨ તથા પરિશિષ્ટ-૨(અ)માં ક્લેઇમ રજુ કરેલ છે કે કેમ? | |
| ૮ | નિયમ-૧૬ હેઠળ ક્લેઇમ સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ છે કે કેમ? જો ના હોય તો તે અંગેના કારણો નિયમ -૧૬ (૨) હેઠળનું પમાણપત્ર સાથે બિડવું. | |
| ૯ | નિયમ-૧૮ હેઠળ તબીબી ભથ્થુ રોકડમાં મેળવવા વિકલ્પ આપેલ છે કે કેમ? નિયમ ૧૮(૩) હેઠળ દર્શાવેલ જો કુટુંબના સભ્યો અન્ય સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓમાં ફરજ બજાવતા હોય તો તેની કચેરીમાંથી સદર ખર્ચ મેળવેલ નથી તેવું પ્રમાણપત્ર રજુ કરવુ. જો ના હોય તો નિયમ-૧૮(૨) હેઠળ પોતાની કુટુ:બના સભ્યોની સારવાર માટે કચેરીમાંથીસારવારના ખર્ચ મજરે મેળવેલ નથી તેવું પ્રમાણપત્ર રજુ કરેલ છે કે કેમ? | |
| ૧૦ | નિયમ-૧૯ હેઠળ કર્મચારી શારીરીક ખોડખાંપણવાળા અપંગ કર્મચારીઓના કિસ્સામાં અપંગપણ માટે અધિકૃત ચિકિત્સકનું પ્રમાણપત્ર મેળ્વેલ છે કે કેમ? | |

| | | |
|---|---|---|
| ૧૧ | નિયમ-૨૦ હેઠળ કર્મચારી મેડીકલેઇમ મેળવેલ છે કે કેમ? જો મેળવેલ હોય તો કયા બીલો ઉપર મેળવેલ છે. તેની વિગત રજુ કરવી, ન મેળવેલ હોય તો તે બાબતે બાંહેધરી લખી મોકલવી. સારવારના કુલ ખર્ચ કરતાં, રીએમ્બર્સમેન્ટની રકમ તથા વીમાની મેળવેલ રકમ વધતી નથી તે મુજબની બાંહેધરી રજુ કરવી. | |
| ૧૨ | અંદરના દર્દી તરીકે સારવાર લીધી હોય તો તે અંગેની ડીસ્ચાર્જ સમરી કાર્ડ રજુ કરેલ છે કે કેમ? | |
| ૧૩ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે બહાર પાડેલ અને તેના ઠરાવમાં દર્શાવેલ વેબ સાઇટ પરના પેકેજ મુજબ જ અધિકૃત ચિકિત્સક પ્રમાણિત કરીને જ બીલ મોકલેલ છે કે કેમ? | |
| ૧૪ | નિયમ – ૨૨ મુજબ રાજ્ય બહારની સારવાર માટે બીલો રજુ કરેલ છે? | |
| ૧૫ | નિયમ-૨૫ હેઠળ દર્શાવેલ બાબતો મુજબ જ આ દાવાઓ રજુ કરેલ છે કે કેમ? | |

તા:

કર્મચારીની સહી

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉકત ચેકલીસ્ટ ક્રમાંક:૧ થી ૧૫માં દર્શાવેલ વિગતો યોગ્ય છે તેમજ અનુસુચિમાં ૧ અને ૨ માં દર્શાવેલ તબીબી સારવારની રકમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૪/૦૮/૨૦૧૫ના ઠરાવની જોગવાઇઓ સાથે ચકાસેલ છે અને સદરહુ જોગવાઇઓમાં નિયત કરેલ પેકેજ અને એડમિસિબિલ ખર્ચ, દવા, તથા સારવારના ખર્ચની મર્યાદામાં છે. મળવાપાત્ર દવાનું તથા સારવારાનું ખર્ચ તબીબી સારવારના પ્રવર્તમાન નિયમ મુજબ રજુ કરેલ છે તે માટે અધિકૃત તબીબી ચિકિત્સકની પ્રતિસહી મેળવેલ છે. સારવારના અન્ય ચાર્જનો આ દાવામાં સમાવેશ નથી.

સહી

અધિક્ષક ઇજનેર

## ચેકલીસ્ટ-૨

ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ના

(નિયમ-૨૩(૧) મુજબ રૂ.૨,૦૦,૦૦૦/- થી વધુ રકમ માટે)

| | | |
|---|---|---|
| ૧ | નિયમ-૧(૨) હેઠળ તબીબી સારવારના નિયમો આ કિસ્સામાં લાગુ પડે છે કે કેમ? | |
| ૨ | નિયમ-૨(૨) અને નિયમ-૬ હેઠળ અરજદાર કર્મચારી કુટુંબના સભ્યની વ્યાખ્યામાં આવે છે કે કેમ? | |
| ૩ | નિયમ-૪ અને નિયમ-૮ હેઠળ રાજ્ય સરકાર ધ્વારા એમ્પેનલ કરવામાં આવેલ હોસ્પિટલમાં સારવાર લીધેલ છે કે કેમ?. | |
| ૪ | નિયમ-૫(૧) અને ૫(૨) હેઠળ નિયત પરિશિષ્ટમાં વિગતો ભરી સંસ્થાના અધિકૃત ચિકિત્સક તથા જિલ્લાના મુખ્ય જિલ્લા અધિકારી સહ સીવીલ સર્જન ધ્વારા પ્રતિસહી કરેલ છે કે કેમ? | |
| ૫ | નિયમ-૧૦(૫) હેઠળ કર્મચારીના મુખ્ય મથકે સરકાર ધ્વારા માન્ય હોસ્પિટલ ન હોય તો બીજી એવી હોસ્પિટલમાં સારવાર લેવા માટે અધિકૃત ચિકિત્સકની પુર્વ મંજુરી મેળવેલ છે કે કેમ? | |
| ૬ | નિયમ- ૧૨ હેઠળ રાજ્ય બહારની હોસ્પીટલમાં સારવાર લીધેલ છે કે કેમ? | |
| ૭ | નિયમ-૧૫(૧) હેઠળ અનુસિચિ-૧-પરિશિષ્ટ-૨ તથા પરિશિષ્ટ-૨(અ)માં ક્લેઇમ રજુ કરેલ છે કે કેમ? | |
| ૮ | નિયમ-૧૬ હેઠળ ક્લેઇમ સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ છે કે કેમ? જો ના હોય તો તે અંગેના કરણો. | |
| ૯ | નિયમ-૧૮ હેઠળ તબીબી ભથ્થુ રોકડમાં મેળવવા વિકલ્પ આપેલ છે કે કેમ? નિયમ ૧૮(૩) હેઠળ દર્શાવેલ જો કુટુંબના સભ્યો અન્ય સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓમાં ફરજ બજાવતા હોય તો તેની કચેરીમાંથી સદર ખર્ચ મેળવેલ નથી તેવું પ્રમાણપત્ર રજુ કરવુ. જો ના હોય તો નિયમ-૧૮(૨) હેઠળ પોતાની કુટુ:બના સભ્યોની સારવાર માટે કચેરીમાંથીસારવારના ખર્ચ મજરે મેળવેલ નથી તેવું પ્રમાણપત્ર રજુ કરેલ છે કે કેમ? | |
| ૧૦ | નિયમ-૧૯ હેઠળ કર્મચારી શારીરીક ખોડખાંપણવાળા અપંગ કર્મચારીઓના કિસ્સામાં અપંગપણ માટે અધિકૃત ચિકિત્સકનું પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ? | |

| | | |
|---|---|---|
| ૧૧ | નિયમ-૨૦ હેઠળ કર્મચારીએ મેડીકલેઇમ મેળવેલ છે કે કેમ?<br>જો મેળવેલ હોય તો કયા બીલો ઉપર મેળવેલ છે તેની વિગત રજુ કરવી. ના મેળવેલ હોય તો તે બાબતે બાંહેધરી લખી મોકલવી. સારવારના કુલ ખર્ચ કરતાં, રીએમ્બર્સમેન્ટની રકમ તથા વીમાની મેળવેલ રકમ વધતી નથી તે મુજબની બાંહેધરી રજુ કરવી. | |
| ૧૨ | અંદરના દર્દી તરીકે સારવાર લીધી હોય તો તે અંગેની ડીસ્ચાર્જ સમરી કાર્ડ રજુ કરેલ છે કે કેમ? | |
| ૧૩ | તબીબી સારવારના નિયમોના નિયમ-૫ હેઠળ સરકારી હોસ્પિટલના અધિકૃત તબીબી ચિકિત્સકની. નિયમ-૧૫ તથા નિયમ-૨૪ મુજબની ચકાસણી બાદ પ્રતિસહી કરાવી દાવા રજુ કરેલ છે કે કેમ? | |
| ૧૪ | નિયમ - ૨૨ મુજબ રાજ્ય બહારની સારવાર માટે બીલો રજુ કરેલ છે? | |
| ૧૫ | નિયમ-૨૫ હેઠળ દર્શાવેલ બાબતો મુજબ જ આ દાવાઓ રજુ કરેલ છે કે કેમ? | |

તા:

કર્મચારીની સહી

સહી

અધિક્ષક ઇજનેર